BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સિટી ઓફ બ્રૅમ્પટનના ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રને #1લો નંબર પ્રાપ્ત થયો

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (28 જુલાઈ 2021) – ગઈકાલે સિટી ઓફ બ્રૅમ્પટને 17માં એન્યુઅલ મેટ્રો રૅંકિંગ્સ રિપોર્ટના બિઝનેસ ફેસેલિટીઝ મેગેઝિનની ફૂડ પ્રોસેસિંગ લિડર્સ કેટેગરીમાં પહેલો ક્રમાંક મેળવીને ઉચ્ચતમ પદ પ્રાપ્ત કર્યું છે જે તેમને સળંગ બીજા વર્ષે પ્રાપ્ત થયું છે.

બ્રૅમ્પટનને રૅંકિંગના રોજગારી, જાહેર કરેલ પરિયોજનાઓ અને તાજેતરની વિસ્તરણ કેટેગરિઝમાં ઉચ્ચતમ માન્યતા પ્રાપ્ત થઈ. સંપૂર્ણ 2021 રૅંકિંગ્સ અહેવાલ www.businessfacilities.com પરથી મેળવી શકાશે.

ઓન્ટારિયોના ફૂડ ક્લસ્ટર અને ઉત્તર અમેરિકાના સૌથી વિશાળ એગ્રિ-ફૂડ સેક્ટર તરીકે બ્રૅમ્પટન પાસે ધમધમતો ફૂડ એન્ડ બેવરેજ સેક્ટર મોજૂદ છે જેમાં તે ઉદ્યોગની અગ્રિમ ટેકનોલોજી, ઉચ્ચ કક્ષાના ઉત્પાદો અને ઉન્નત કૃષી પરંપરાનો ટેકો પ્રાપ્ત છે. બ્રૅમ્પટનનો ફૂડ એન્ડ બેવરેજ સેક્ટર એક વન-સ્ટોપ શોપ છે જેમાં ખોરાકની તપાસ, પ્રક્રિયા અને પેકેજિંગની સવલતો તેમજ પરિવહન, પેકેજિંગ ડિઝાઇન, સાધનો અને રેફ્રિજરેશન સ્ટોરેજ એમ બધું જ શહેરની અંદ ર જ સમાયેલ છે.

બ્રૅમ્પટનના ફૂડ એન્ડ બેવરેજ સેક્ટર કૅનેડાના GDPને વાર્ષિક ધોરણે $1.3 બિલિયન જેટલું યોગદાન આપે છે. ફૂડ એન્ડ બેવરેજ નિર્માણ, પ્રક્રિયા અને સપોર્ટ ઉદ્યોગોની આશરે 300 કંપનીઓમાં આશરે 8,500 લોકોને રોજગાર મળે છે.

ફૂડ એન્ડ બેવરેજ પ્રોસેસિંગ સેક્ટર બ્રૅમ્પટનના ચાર અતિમહત્ત્વપૂર્ણ ક્ષેત્રો પૈકી એક ગણાય છે. સિટીના મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો છે: ફૂડ એન્ડ બેવરેજ પ્રોસેસિંગ, એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, હેલ્થ એન્ડ લાઇફ સાયન્સિસ, અને ઇનોવેશન એન્ડ ટેકનોલોજી.

બ્રૅમ્પટનના ફૂડ એન્ડ બેવરેજ સેક્ટરનાં ટોચના રોજગારદાતાઓમાં લોબલૉઝ (Loblaws), મેપલ લૉજ ફાર્મ્સ (Maple Lodge Farms) અને ઇટાલપાસ્તા (Italpasta)નો સમાવેશ થાય છે. ઉપરાંત, કોકાકોલા બોટલિંગ અને ગિવ એન્ડ ગો પ્રોપેર્ડ ફૂડ્સ જેવા મહત્ત્વના નિયોક્તાઓનાં કારખાના બ્રૅમ્પટનમાં સ્થિત છે. આ બધી કંપનીઓએ પોતાની હાજરી વ્યુહાત્મક રીતે બ્રૅમ્પટનમાં રાખી છે જેથી તેઓને શહેરની પ્રતિભા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને બજારોની પહોંચનો ફાયદો થઈ શકે.

સમસ્ત COVID-19 મહામારી દરમિયાન બ્રૅમ્પટનનું ફૂડ એન્ડ બેવરેજ સેક્ટર મજબૂત રહ્યું છે અને આવા સમયે પણ તે શહેરના આર્થિક બળમાં ચાવીરૂપ યોગદાન આપી શક્યું છે.

બ્રૅમ્પટનના ફૂડ એન્ડ બેવરેજ સેક્ટર વિશે વધુ માહિતી માટે મુલાકાત લો www.investbrampton.ca.

**સુવાક્યો**

"બ્રૅમ્પટનના ફૂડ એન્ડ બેવરેજ સેક્ટરે ખોરાક દુકાનોમાં મળતો રહે તેમાં અગત્યની ભૂમિકા ભજવી છે અને કૅનેડિયનોને COVID-19ની મહામારીમાં ભૂખ્યા નથી રાખ્યા, અને એટલે એટલે જ અમે અમારા અનિવાર્ય કામદારોનો તેમના યોગદાન માટે આભારી છીએ. આ સળંગ

બીજું વર્ષ છે જ્યારે અમને ફૂડ પ્રોસેસિંગ લિડર તરીકે બિઝનેસ ફેસિલિટિઝ મેગેઝિનમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયાનું અતિશય ગૌરવ છે. આવું રેંકિંગ મલવું તે આપણા ફૂડ એન્ડ બેવરેજ પ્રોસેસિંગ વ્યવસાયોના ઉત્તમ કાર્યનો પુરાવો છે અને સાથે જ આપણી આર્થિક વિકાસ ટીમ જેમણે સહાય પૂરી પાડી."

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

“COVID-19ની આખા વિશ્વના વ્યવસાયો પર અનેક અસરો થઈ અને બ્રૅમ્પટનના ફૂડ એન્ડ બેવરેજ પ્રોસેસિંગ સેક્ટરના પ્રયાસોથી આવા અભૂતપૂર્વ પડકારોનો સામનો કરવામાં સમાજને માર્ગ ચીંધવામાં આવ્યો. અમે અમારા વ્યવસાયો અને તેમના કર્મચારીઓનો આભાર માનીએ છીએ અને સિટી તેમની સાથે કાર્ય ચાલુ રાખવા ઉત્સુક છે."

*- માર્ટિન મેડિરોસ (Martin Medeiros), રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 3 & 4; પ્રમુખ, ઈકોનોમિક ડેવેલપમેન્ટ એન્ડ કલ્ચર: સીટી ઓફ બ્રૅમ્પટન.*

"મેટ્રો રેંકિંગ્સ રિપોર્ટના બિઝનેસ ફેસેલિટીઝ મેગેઝિનની ફૂડ પ્રોસેસિંગ લિડર્સ કેટેગરીમાં પહેલો ક્રમાંક સળંગ બીજે વર્ષે મેળવતા અમને ગૌરવની લાગણી થાય છે. અમારી સમર્પિત આર્થિક વિકાસ ટીમનો આભાર જેઓ આ ક્ષેત્રને ઊભો કરીને સહાય કરવાનું કાર્ય કરે છે તેમજ સમસ્ત ક્ષેત્રોના વ્યવસાયો અને તેના કર્મચારીઓનો આભાર. વ્યવસાય ટકાવી રાખવા અને વિસ્તૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને અમે બ્રૅમ્પટનમાં આવેલ નવા વ્યવસાયોને સિટી ખાતે લાવવા કાર્ય કરી રહ્યા છીએ અને સાથે જ હાલમાં ચાલી રહેલ અભૂત વ્યવસાયોને સહાય આપી રહ્યા છીએ.

*- પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 1 & 5; ઉપ પ્રમુખ, ઈકોનોમિક ડેવેલપમેન્ટ એન્ડ કલ્ચર: સીટી ઓફ બ્રૅમ્પટન.*

"આપણો બિઝનેસ સમુદાય બ્રૅમ્પટનની કરોડરજ્જૂ છે અને સિટી ખાતે અમારી ટીમ તેમને કોઈપણ સંજોગોમાં સફળતા મળે તેમાં સહાય કરવા અમે સમર્પિત છે. આપણા ફૂડ એન્ડ બેવરેજ સેક્ટરના પ્રયાસો માટે અમને ગૌરવ છે – તેમજ અમારી સમર્પિત આર્થિક વિકાસ ટીમ માટે – જેમને સળંગ બીજા વર્ષે 1લા ક્રમાંકની માન્યતા બિઝનેસ ફેસિલિટીઝ મેગેઝિન તરફથી મળી છે."

*- ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

BRAMPTON

**Media Release**

**મિડિયા સંપર્ક :**

પ્રભજોત કૈન્થ

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ

સીટી ઓફ બ્રૅમ્પટન

905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca